ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અજા) માટે જિલ્લાના નાયબ નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ)ને જિલ્લા મેનેજર તરીકે નિયુક્ત કરવા અને નિગમની જિલ્લા ખાતેની યોજનાઓના અમલીકરણની કામગીરી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના જિલ્લા કક્ષાના અધિકરીશ્રીઓ/કર્મચારીઓને સોંપવા બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:- અપબ/૧૪૨૦૧૫/૬૬૯૩૩/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૭/૦૮/૨૦૨૦.

**વંચાણમાં લીધા:-**

૧) આ વિભાગનો તા:૨૪/૦૭/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૨૦૦૧/૨૪૭૮/ગ.

૨) આ વિભાગનો તા:૨૪/૧૦/૨૦૧૬નો સમાન ક્રમાંકનો પત્ર.

૩) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૨૪/૦૭/૨૦૨૦નો પત્ર ક્રમાંક:ગુસકાવિનિ/વહટ/૨૦૨૦-૨૧/૫૯૨.

૪) ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અજા), ગાંધીનગરનો તા:૦૬/૦૮/૨૦૨૦નો પત્ર ક્રમાંક:ડૉ.આંઅંવિનિ/૧૯૮/વહીવટ/૨૦૨૦/૫૨૯૨-૯૪.

<u>આમુખ</u>:-

ગુજરાત રાજ્યની અનુસૂચિત જાતિઓ પૈકી અતિ પછાત જાતિઓમાં વાલ્મિકી, હાડી, નાડિયા, સેનવા, તુરી, ગરો, વણકરસાધુ, અનુસૂચિત જાતિના બાવા, તીરગર, તીરબંદા, થોરી, માતંગ જેવા અતિ પછાત જાતિના લોકો અન્ય જાતિઓના સરખામણીમાં ચોક્કસ પ્રગતિ કરી શકે અને તેમનો આર્થિક વિકાસ થઈ શકે અને અતિ પછાત જાતિ માટે ગરીબલક્ષી, તાલીમલક્ષી તથા સ્વરોજગારી યોજનાઓનો સરળ રીતે લાભ મેળવી શકે તે માટે ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અજા) કાર્યરત છે તેમજ સદર નિગમને એન.એસ.એફ.ડી.સી., નવી દિલ્હી દ્વારા સ્ટેટ ચેનેલાઈઝીંગ એજન્સી તરીકેનો દરજ્જો પણ આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક:૦૪ પરના ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અજા)ના તા:૦૬/૦૮/૨૦૨૦ના પત્રથી જિલ્લા ખાતે તેઓનું મહેકમ મંજુર થયેલ ન હોઈ, નિયામકશ્રી, અનુસૂચિ

**જાતિ કલ્યાણ અંતર્ગત જિલ્લા કક્ષાના નાયબ નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ)ને જિલ્લા મેનેજર** તરીકે નિયુક્ત કરવા તેમજ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના જિલ્લા ખાતેના આઉટસોર્સીંગથી કાર્યરત મદદનીશ જિલ્લા મેનેજર અને કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટરને યોજનાની કામગીરી સોંપવા દરખાસ્ત કરેલ છે તેમજ તે અન્વયે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક:૦૩ પરના તા:૨૪/૦૭/૨૦૨૦ના પત્રથી સંમતિ આપવામાં આવેલ છે.

**ઠરાવ:-**

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અજા), ગાંધીનગરની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અંતર્ગત જિલ્લા કક્ષાના નાયબ નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ)ને **આથી** ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અજા)ના 'જિલ્લા મેનેજર' તરીકે નિયુક્ત કરવામાં આવે છે તેમજ,

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના જિલ્લા ખાતેના આઉટસોર્સીંગથી કાર્યરત મદદનીશ જિલ્લા મેનેજર અને કલાર્ક-કમ-કોમ્પ્યુટર ઓપરેટરોને ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અજા)ની યોજનાઓની અમલીકરણની કામગીરી સોંપવામાં આવે છે.

૨. વધુમાં, અત્રેના વંચાણે લીધેલ ક્રમાંક:૦૨ પરના તા:૨૪/૧૦/૨૦૧૬ના પત્રથી ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમને ફાળવેલ ઉક્ત કામગીરીની બાબત રદ કરવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

૧. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૩. મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અજા), ગાંધીનગર.
૪. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર.
૫. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
૬. સેક્શન અધિકારીશ્રી-કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. સદર ઠરાવને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
૭. પસંદગી ફાઇલ-૨૦૨૦.